R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 24•ISSUE: 05 DATE: 01-02-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## યુરોપીયન સંસદમાં ભારતના નાગરિકતા સંશોધન કાયદાની વિરુધ્ધમાં પ્રસ્તાવ પસાર કરાયો

ભારતના નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)ની વિરુધ્ધમાં યુરોપીયન સંસદમાં બહુમતી સભ્યો દ્વારા પ્રસ્તાવ પસાર કરાયો હતો.આ પ્રસ્તાવ પસાર થતાં ભારતે તેના માટે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.આ પ્રસ્તાવ પર ૨૯મી ચર્ચા અને ૩૦મીએ મતદાન થવાનું છે.ભારતે યુરોપીય સંઘની સંસદમાં કહ્યુ છે કે તેણે એવું કોઈ પગલું ન ભરવું જોઈએ કે જે લોકશાહી રીતે ચુંટાયેલા સાંસદોના અધિકારો અને પ્રભુત્વ પર સવાલ ઊભા કરે. ભારતે કહ્યુ છે કે સીએએ સંપુર્ણરીતે ભારતનો આંતરિક મામલો છે. અને કાયદો બન્ને ગૃહોમાં ચર્ચા બાદ લોકશાહી માધ્યમથી પસાર કરાયો હતો.યુરોપીયન યુનિયનની સંસદમાં સીએએની સામે કેટલાક સભ્યો દ્વારા રજુ કરાયેલી દરખાસ્તમાં કહેવાયું છે કે ભારત આ રીતે ધાર્મિક ભેદભાવના આધારે કોઈ કાયદો પસાર કરી શકે નહીં.સંસદમાં આ અઠવાડિયાના પ્રારંભમાં યુરોપીયન યુનાઈટેડ લેફ્ટ નોર્ડિક ગ્રીન લેફ્ટ જુથે દરખાસ્ત રજુ કરી હતી. દરખાસ્તમાં કહેવાયું છે કે સીએએથી ભારતમાં નાગરિકતા નક્કી કરવાની પધ્ધતિમાં ખતરનાક પરિવર્તન આવશે. આનાથી નાગરિકતા વગરના લોકોના સબંધમાં મોટું સંકટ વિશ્વમાં જન્મી શકે છે. અને આ મોટી માનવ પીડાનું કારણ બની શકે છે.

## પ. બંગાળ સીએએ વિરોધી ઠરાવ પસાર કરનાર ચોથું રાજ્ય બન્યું

પશ્ચિમ બંગાળની વિધાનસભામાં નાગરિકતા સંશોધન કાયદા વિરુધ્ધમા ઠરાવ પસાર કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સીએએને લોકવિરોધી ગણાવ્યો છે.અને કહ્યુ છે કે આ કાયદાને તત્કાળ અસરથી રદ કરી દેવો જોઈએ.તેમણે ઉમેર્યુ હતું કે હિન મતભેદો દુર રાખવા અને દેશને બચાવવા માટે એક થવાનો સમય આવી ગયો છે. ભાજપ ઈચ્છે તો તેમની સરકારને બરખાસ્ત કરી શકે છે.

## કોઇ ગર્ભવતી મહિલાને જેઓ બાળકને જન્મ આપવા અમેરિકા જવા માંગતી હોય તેને વિઝા નહીં આપે

અમેરિકામાં ટ્રમ્પ શાસન હવે વિઝા અંગે કેટલાક નવા પ્રતિબંધો મુકવા જઈ રહ્યું છે. જેના અંતગર્ત એવી મહિલાઓ પર પ્રતિબંધ આવશે કે જેઓ બાળકને જન્મ આપવા માટે અમેરિકા જવા માંગે છે કે જેથી તેમના બાળકોને અમેરિકન પાસપોર્ટ મળી જાય. આ પ્રકારના ઘટનાક્રમથી વાકેફ બે અમેરિકન અધિકારીઓએ કહ્યુ હતું કે વિદેશ વિભાગ આ નિયમને જારી કરશે.

નવા નિયમથી ગર્ભવતી મહિલાઓ માટે પર્યટન વિઝા પર પ્રવાસ કરવો કઠિન બની રહેશે. નિયમના એક મુસદ્દામાં કહેવામાં આવ્યું છે કે તેમને વિઝા મેળવવા માટે કાઉન્સેલર ઓફિસરને સમજાવવું પડશે કે અમેરિકા આવવા માટે તેમની પાસે કોઈ વ્યાજબી કારણ છે.ટ્રમ્પ શાસન ઈમીગ્રેશનના તમામ ફોર્મેટ્સ પર પ્રતિબંધ લગાવી રહ્યું છે. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ખાસ કરીને જન્મજાત નાગરિકતાના મુદ્દે આકરુ વલણ અપનાવ્યું છે. તેના અંતગર્ત બીન અમેરિકન નાગરિકોના બાળકોને અમેરિકામાં જન્મ લેવાની સાથે મળનારી નાગરિકતાનો અધિકાર ખતમ કરી દેવાશે.

બર્થ ટુરીઝમ અમેરિકા અને વિદેશોમાં ખુલ ફુલીફાલી રહ્યો છે. અમેરિકન કંપનીઓ આ માટે જાહેરાતો પણ આપે છે અને હોટેલના રુમ્સ અને તબીબી સેવાઓ વગેરે માટે ૮૦,૦૦૦ ડોલર સુધી વસુલ કરે છે. રશિયા અને ચીન જેવા દેશોમાંથી અનેક મહિલાઓ બાળકને જન્મ આપવા માટે અમેરિકા આવે છે. જો કે ડોનાલ્ડ્ ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ બન્યા પછીથી અમેરિકા આ પ્રકારના ચલણ વિરુધ્ધ કદમ ઉઠાવી રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ શાસનમાં અમેરિકન વિઝા નીતીમાં અનેક ફેરફારો આવી રહ્યા છે. આ અગાઉ અમેરિકાના વિદેશ વિભાગે નવા નિયમો અનુસાર,અમેરિકન વિઝા માટે અરજી કરનારા લગભગ તમામ અરજદારોએ પોતાની સોશ્યલ મીડીયા સબંધિત માહિતી દાખલ કરવાની રહેશે. વિદેશ વિભાગના નિયમો પ્રમાણે, લોકોએ પોતાના સોશ્યલ મીડીયા નામ તથા પાંચ વર્ષ સુધીના ઈમેઈલ એડ્રેસ તથા ફોન નંબર આપવાના રહેશે.

જો કે વિઝા સબંધિત નીતીઓમાં આકરા નિયમો પછી અમેરિકામાં જ ટ્રમ્પ વિરુધ વિરોધ પણ સર્જાયો છે. ખાસ કરીને એચ-૧બી વિઝા મામલે ટેક. કંપનીઓએ પણ ચેતવણી આપી છે કે આકરા નિયમો વિઝા નીતિમાં લાવવાથી ટેકનોલોજી ક્ષેત્રે અમેરિકાની પ્રગતિમાં બ્રેક લાગી શકે છે.એચ ૧-બી વિઝામાં કડક નિયમોને લેઈને ભારતીય કંપનીઓને કઠીન સમયનો સામનો કરવો પડી રહ્યો છે.ભારતની આઈટી કંપનીઓમાં ચિંતાનો માહોલ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રાજકારણમાં ગુનાખોરી અંગે ચુંટણી પંચ પાસે સુપ્રીમે જવાબ માંગ્યો



ચુંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે ચુંટણી લડતા ઉમેદવારોને ઈલેકટ્રોનિક ને પ્રિન્ટ મીડીયામાં પોતાની ગુનાખોરીના રેકોર્ડ અંગે જાહેરાત કરવાના ૨૦૧૮ના તેના નિર્દેશથી રાજકારણમાં ગુનેખોરીને અટકાવવામાં મદદ મળતી નથી.આમ રાજકારણમાં ગુનેગારો ન આવે તે માટે તેઓ ગુનાઈત રેકોર્ડની જાણકારી આપવાના નિદેશને બદલે રાજકીય પક્ષોને કહેવું જોઈએ કે તેઓ આવા રેકોર્ડ ધરાવતાં ઉમેદવારોને ટીકીટ જ ન આપે.જસ્ટીસ આર.એફ.નરીમાનની બેન્ચે ચુંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે તેઓ દેશના રાજકારણમાં અપરાધીકરણને અટકાવવા માટે એક અઠવાડિયાની અંદર રુપરેખા તૈયાર કરીને કોર્ટમાં રજુ કરે. સુપ્રીમ કોર્ટે અરજી કર્તા ભાજપ નેતા અને વકીલ અશ્વીની ઉપાધ્યાય અને ચુંટણીપંચને કહ્યુ છે કે તે સાથે મળીને વિચાર કરે અને સલાહ આપે કે જેનાથી રાજકારણમાં અપરાધીકરણને અટકાવવામાં મદદ મળે.

## કોરોના વાયરસનો આતંક : ચીને પાંચ શહેરો સીલ કર્યો,લોકોને શહેર છોડવાની મનાઇ

ચીનમાં ફેલાયેલા જીવલેણ કોરોના વાયરસના પગલે સમગ્ર વિશ્વમાં હાઈ એલર્ટ જારી કરી દેવાયું છે.ચીનમાં વાયરસના લીધે ૧૭ લોકોના મોત નિપજ્યા છે. પછી સરકારે પાંચ શહેરો હુઆનગાંગ,એશાઉ,શિઝિયાંગ,કિયાનઝિયાંગ અને વહાને સીઝ કરી દીધા છે. જેનાથી બંને શહેરોના બે કરોડ જેટલા લોકોને પોતાના શહેર છોડીને અન્યત્ર જવાની મનાઈ છે. આ સાથે વિમાન તથા ટ્રેન સેવાઓ પણ અટકાવી દેવાઈ છે. જેથી વાયરસનો ફેલાવો રોકી શકાય. ઉલ્લેખનીય છે કે વુહાનમાં સીફુડ અને એનીમલ માર્કેટમાં ફેલાયેલા કોરોના વાઈરસના ચેપથી ૧૭ લોકોએ જાન ગુમાવ્યા છે. આ ઉપરાંત સેકડો લોકો આ વાયરસનો ચેપ ધરાવતા હોવાના અહેવાલો મળ્યા છે. ચીનથી અન્ય દેશોમાં ગયેલા લોકોમાં પણ આ વાયરસના ચેપ જોવા મળ્યા છે. જેમાં અમેરિકામાં પણ આ વાયરસે દેખા દીધી છે.

ચાઈનીઝ શહેર વુહાંન કે જે એક મોટું પોર્ટ સીટી છે તેમાં સજ્જડ બંધ જેવી સ્થિતિ જોવા મળી છે. શેરીઓ અને શોપીંગ મોલ્સ ખાલી દેખાઈ રહ્યા છે. રહેવાસીઓને કોઈ કારણ વિના શહેર છોડવાની મનાઈ છે. વિમાન, ટ્રેન અને ટોલવે બંધ કરાયા છે. વુહાન પછી હુઆંગગેગ શહેરમાં પણ પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ટ્રેન સેવાઓ સસ્પેન્ડ કરી દેવાઈ છે. શહેરના તમામ સિનેમા, ઈન્ટરનેટ કાફે તથા સેન્ટ્રલ માર્કેટ બંધ કરી દેવાયા છે. ઈઝોઉમાં પણ ટ્રેન સ્ટેશન બંધ કરી દેવાયું છે. કોરોના વાયરસે તમામ રહેવાસીઓમાં ભય ફેલાઈ રહ્યો છે. લોકોને દુનિયાનો અંત આવી રહ્યો છે તેવી ભીતી લાગી રહી છે. સરકાર ત્વરીત પગલાં લઈ રહી છે પરંતુ લોકો ભયના ઓથાર તળે જીવી રહ્યા છે. ચીનમાં હાલમાં ૫૭૦થી વધુ લોકો આ વાયરસના ભોગ બન્યા છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કેન્દ્ર સરકારે એર ઈન્ડીયાને વેચી દેવા માટે સંપુર્ણ તૈયારી કરી દીધી છે. આ વખતે શરતોમાં ફેરફાર કરાયો છે અને સો ટકા હિસ્સો વેચી દેવા માંગે છે. જો કે કેટલીક પોર્પર્ટી સરકાર તેમની પાસે રાખશે.એર ઈન્ડીયાના દેવામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે રોકાણકારો પર ૨૩૨૮૬ કરોડનો બોજો આવશે.પરંતુ આ વખતે સરકારે થોડીક ઉદારતા દાખવી છે કારણકે ગત વખતે તેમને એર ઈન્ડીયા વેચી દેવામાં નિષ્ફળતા મળેલી.ગત વખતે સરકાર એર ઈન્ડીયામાં તેમનો ૨૪ ટકા હિસ્સો રાખીને બાકીનો હિસ્સો વેચી દેવા માંગતી હતી પરંતુ રોકાણકારો આ શરતોએ તૈયાર નહોતા. કારણકે સરકારી અધિકારીઓ ના ધોંચ પરોણાને કોઇ સહન કરવા તૈયાર નહોતું. એર ઈન્ડીયાની હાલત માટે સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ જવાબદાર છે. નહિતર આવી દુર્દશા થાત નહીં. પરંતુ તે સ્વીકારવા કોઇ તૈયાર નથી. સરકાર વધુમાં રેલવેને પણ ખાનગી હાથોમાં સુપ્રત કરી દેશે. કેટલાક સ્ટેશનો અને કેટલાક રુટો સરકારે ખાનગી રોકાણકારોને પધરાવી દીધા છે.જો કે કેટલાક મહત્વના પાસા બાબતે હજુ પણ શંકાઓ છે. જેમકે જે પાટાઓ પર ગાડી દોડશે તે પર કોનો અધિકાર રહેશે. રેલવે સ્ટાફનો કેવી રીતે ઉપયોગ થશે. વિગરે વિગરે સવાલો તો ઉભા છે.સરકાર ધીમે ધીમે ખાનગી ક્ષેત્રને મોટા સાહસોને પધરાવીને દેશના નાગરિકો પ્રત્યેની જવાબદારીઓમાંથી છટકી જવા માંગે છે. આવી નીતિઓને કારણે જાહેર સાહસોના કારણે દેશના વિકાસના કાર્યોમાં અડચણ આવી જશે. કેટલાક સાહસો નફાકારક હતા તેને પણ પધરાવી દેવાયા છે.સવાલ એ થાય છે કે માત્ર સરકાર ટેક્ષ અને મત ઉઘરાવીને વિકાસના નામે ઉંધા ચશ્મા પહેરાવી રહી છે.

આર્થિક પાયમાલીની કતાર પર ઉભેલા દેશ માટે આવનાર ભવિષ્યનું ચિત્ર ધુંધળું છે.અને તેના માટે કોઇ વિશેષ વ્યવસ્થાઓની જોગવાઇ કરવામાં આવી રહી નથી. દેશનો નાગરિક વિકાસની ગુલબાંગો અને જુમલાઓ થકી દબાઇ રહયો છે. મોઘવારી અને ફુગાવાએ માઝા મુકી દીધી છે.

## ટ્રેનોના રિઝર્વેશન ચાર્ટ બની ગયા પછી ઓનલાઇન મુકાશેઃ ચાર્ટમાં ખાલી દેખાતી સીટ બુક કરી શકાશે

રેલવેએ મુસાફરો માટે નવી સુવિધાનો આરંભ કર્યો છે. જો તમે રેલ યાત્રા દરમિયાન કન્ફર્મેશન ટિકિટને લઇને ચિંતિત રહો છો તો રેલવે એ મોટી રાહત આપી છે. ભારતીય રેલવેએ રિઝર્વેશન ચાર્ટ ઓનલાઇન દેખાડવાનો શરુ કર્યો છે. મુસાફરો હવે રિઝર્વેશન ચાર્ટ બન્યા પછી ખાલી, બુકડ અને આંશિક રુપથી બુકડ બર્થની જાણકારી આ થકી મળી શકશે.

રેલવે મંત્રી પિયુષ ગોએલે ટ્વીટ કરીને કહ્યુ કે પરેશાની વગર રેલવે યાત્રીઓ હવે ફક્ત એક કલીક પર ચાર્ટ બન્યા બાદ ખાલી બુકડ અને આંશિક રીતે બુકડ સીટોની જાણકારી મેળવી શકાશે.

આ ચાર્ટ બન્યા બાદ ટ્રેનમાં કોઇ સીટ ખાલી છે કે નહી તે અંગે યાત્રીઓને જાણકારી મળી શકશે.પહેલા રિઝર્વેશન ચાર્ટ ટ્રેન ખુલ્યાના ૪ કલાક પહેલા ઓનલાઇન દેખી શકાશે. જ્યારે દ્રીતીય ચાર્ટને ટ્રેન ઉપડ્યાના અડધા કલાક પહેલાં દેખી શકાશે. બીજા ચાર્ટમાં સીટોની ફાળવણીના ફેરફારને અપડેટ કરાશે.સામાન્ય જનતા માટે હજુ વધુ સુધારાની જરુર છે. જનરલ ડબ્બાઓમાં વધારો કરવાની જરુર છે. માત્ર તવંગર લોકો માટે સવલતો અને ગરીબો માટે હજુ પણ ફાંફા છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# દિલ્હી વિધાનસભા ચુંટણીને અનુલક્ષીને અરવિંદ કેજરીવાલે ૧૦ વચનો સાથેના ગેરંટી કાર્ડની જાહેરાત કરી

દિલ્હી વિધાનસભા ચુંટણીને અનુલક્ષીને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આપ સરકારનો માસ્ટર સ્ટ્રોક જાહેર કર્યો છે. કેજરીવાલે ૧૦ વચનો સાથેનું ગેરન્ટી કાર્ડની જાહેરાત કરી છે. જો દિલ્હીવાસીઓ આપની સરકારને પુનઃસત્તા પર ચુંટશે તો વિદ્યાર્થીઓને મફત બસ સેવા,૨૦૦ .યુનીટ વીજ વપરાશ મફત તેમજ મોહલ્લા માર્શલ સહિતના વચનો આ કાર્ડમાં કરવામાં આવ્યા છે.

દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાનું વચન પણ કેજરીવાલે ગેરન્ટી કાર્ડમાં આપ્યું છે. દિલ્હીમાં હાલમાં આપની સરકાર છે અને તેમના દ્વારા મોહલ્લા ક્લિનિક નામથી યોજના પણ ચાલુ કરાઇ છે. જેમાં સસ્તા દરે ઉપચાર થઇ શકે તેમ છે. હવે મોહલ્લા માર્શલનું વચન સીએમ



કેજરીવાલે ગેરન્ટી કાર્ડમાં આપ્યું છે. જો કે આ આપ સરકારનો ચુંટણી ઢંઢેરો નહીં હોવાનું કેજરીવાલે સ્પષ્ટ કર્યુ હતું. આપ દ્વારા એક સપ્તાહમાં ચુંટણી ઢંઢોરો જાહેર કરાશે. ૧૦ પોઇન્ટના ગેરન્ટી કાર્ડમાં કેજરીવાલે મફત સ્વાસ્થ સેવા,બે કરોડ છોડ રોપવાનું, યમુના નદીનું જળ શુધ્ધીકરણ તેમજ વાયુ પ્રદુષણ ઘટાડવાનુ વચન આપ્યું છે. કેજરીવાલે કહ્યુ હતું કે અમે ગેરન્ટી આપીએ છીએ કે આ યોજનાઓ પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે.

## ઓન લાઇન ચીટીંગમાં ત્વરીત મદદ અને નિવારણની કાર્યવાહી માટે ગુજરાતથી નવતર અભિગમ ‘ આશ્વસ્ત પ્રોજેક્ટ‘

ઓન લાઇન ટ્રાન્ઝેકશન માં નોકરી,ઈનામ,લોન કે અન્ય લાલચ આપીને ફોન દ્વારા કે અન્ય માધ્યમથી સાયબર ક્રાઇમના બનાવો વધી રહ્યા છે ત્યારે આવા ગુનાઓ અટકાવવા માટેસાઇબર ક્રાઇમમાં આવા ગુનાઓ રોકવા માટે ૧૦૦ નંબર ડાયલ કરવાથી ત્વરિત મદદ મળી શકશે.જે રીતે ૧૦૦ નંબર ડાયલ કરવાથી પોલીસની તરત મદદ મળે છે તેમ ૧૦૦નંબર ડાયલ કરીને ત્વરીત મદદ અને સાયબર ગુના પર અંકુશનું નિવારણ શક્ય બન્યું છે.

જો કે સાયબર ક્રાઇમ માટે ત્વરિત મદદ માટે ૧૦૦ નંબર ડાયલ કરવાનો રહેશે. પણ નવનિર્મિત સાત જિલ્લા મોરબી,બોટાદ, મહીસાગર, દેવભુમિ દ્વારકા, છોટા ઉદેપુર,ગીર સોમનાથ,અને અરવલ્લીના રહીશોએ ૧૧૨ નંબર ડાયલ કરવાનો રહેશે. સાયબર ક્રાઇમ બ્રાંચના વડા રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યુ હતું કે ૧૦૦ અને ૧૧૨ નંબર પર મદદ મેળવવા આવનાર ફોન સંકલિત રીતે સાયબર કન્ટ્રોલ રુમમાં જ આવશે અને ઝડપી સંકલિત કાર્યવાહી કરાશે.

કોઇપણ નાગરિક આ પ્રકારના સાઇબર ક્રાઇમ નો ભોગ બનશે અને સમયસર ૧૦૦ નંબર પર ફોન કરશે તો તરતજ નિષ્ણાંત કર્મચારીઓ ભોગ બનનારને સામેથી ફોન કરી તેમની ફરિયાદ પર ત્વરીત કાર્યવાહી કરશે. સાયબર યુનીટની પોલીસ ટીમ પૈસા ફ્રીઝ કરાવશે તે પછી ભોગ બનનારને એસએમએસથી એક ટિકિટ નંબર આપશે. ભોગ બનનાર નજીકના પોલીસ સ્ટેશનમાં જઇ ટિકીટ નંબર બતાવી પૈસા પરત મેળવવાની કાર્યવાહી કરી શકશે. આ પ્રાજેક્ટમાં ગુજરાત પોલીસ સાથે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા જોડાઇ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા એન.ી.સી.આઇ,તમામ બેન્કોના નોડલ ઓફિસરો, ઈકોમર્સ કંપની ઓના નોડલ ઓફિસરોની મદદ લેવામાં આવી છે. આમ તમામ બેન્કોના નોડલ ઓફીસરો, ઈ-વોલેટ કંપનીના નોડલ ઓફિસરોના સાહયોગથી સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટને વેગ મળ્યો છે.

આ પ્રોજેકટનુ લોકાપર્ણ ગૃહમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે ડીજીપી દ્વારા ૫૦ એસઆરપી જવાનો ફાળવ્યા છે. સાયબર ક્રાઇમના ટેકનીકલ અભ્યાસનું બેક ગ્રાઉન્ડ ધરાવતા એસઆરપી જવાનોનો ટેકનીકલ પુલ બનાવાયો છે. જે રાતદિવસ ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક કાર્યરત રહે છે. આ પોલીસ કર્મીઓને સોફ્ટ સ્કીલ,બેન્કીંગ,નેટવર્કીંગ, સાઇબર કાઇમ જેવા વિષયો પર તજજ્ઞો દ્વારા ખાસ તાલિમ અપાઇ છે.

અમદાવાદ સાયબર સેલમાં સાયબર યુનિટમાં એક પોલીસ ઈન્સપેક્ટર અને ૭ ટેકનીકલ પીએસઆઇ તેમની ૫૦ સાઇબર જવાનોની ટીમ થકી આશ્વસ્ત પ્રોજેકટનું સંચાલન કરી રહ્યા છે.અમદાવાદ સાયબર સેલ દ્વારા છેલ્લા ૨ વર્ષમાં સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરિકોની આશરે બે કરોડ જેટલી રકમ બચાવવામાં આવી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

## ૭૧માં ગણતંત્ર દિવસની શુભકામનાઓ

# ગુજરાતના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવો એ શ્રેષ્ઠ રાષ્ટ્રભક્તિ છે.

## ગુજરાત સરકારની અભુતપુર્વ ઉપલબ્ધિઓ

### સૌથી ઉંચું આકર્ષણ :

### સ્ટેચ્યુ ઓફ યુનીટી

પ્રતિષ્ઠિત ટાઇમ મેગેઝીનની વિશ્વના ૧૦૦ જોવા લાયક પ્રવાસન સ્થળોની યાદીમાં સ્થાન પામીને અત્યંત ટુંકાગાળામાં સ્ટેચ્યુ ઓફ યુનીટી એ વિશ્વભરના લોકોમાં અદકેરુ આકર્ષણ જમાવ્યું છે.અત્યાર સુધીમાં આ સ્થળની મુલાકાત આશરે ૩૭લાખ લોકો લઇ ચુક્યા છે.

### પહેલાં ઇત્પાદન પછી મંજુરી

નાના -લઘુ ઉદ્યોગ ક્ષેત્રે હરળફાળ

ફર્સ્ટ પ્રોડક્શન, ધેન પરમિશન ની નીતિ સાથે ગુજરાત ક્ષેત્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૮૩,૩૬૩ એકમો સાથે.તીવ્રતાથી વિકાસ કરી રહ્યું છે

### આયુષ્યમાન ભારત

### ગુજરાતની તંદુરસ્તી અગ્રીમ હરોળમાં

લગભગ ૮.૫ લાખ લાભાર્થીઓ અને રુ.૧૪૦૦ કરોડથી વધુના ખર્ચ સાથે ગંભીર બીમારી જેવી કે કેન્સર,હદયરોગ,બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિતની સારવાર માટેની યોજના આયુષ્યમાન ભારત.

( પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના)ના અમલીકરણમા 'પણ ગુજરાત અગ્રીમ હરોળમાં રહ્યુ છે.

### અવરોધ ઘટ્યો : વધી વિકાસની ગતિ

૧૬ ચેકપોસ્ટની નાબુદી કરવાની સાથે રાજ્યમાં ઇઝ ઓફ ડુંઇંગ બિઝનેસ ને માત્ર વેગ જ નથી મળ્યો પરંતુ અન્ય રાજ્યોમાંથી આવતા વાહનોની લાંબી કતારો ઘટતાં પરિવહનની ગતિ વધી તથા ઓનલાઇન પેમેન્ટના લીધી પારદર્શિતા પણ વધી

કૃષિ વિકાસ દર બે અંકોમાં, ગુજરાત બન્યું અગ્રણી સર્વગ્રાહી સિંચાઇ નીતિ ના લીધે રાજ્યમાંકૃષિ વિકાસનો દર વધીને લગભગ બે અંકોમાં પહોચ્યો

કપાસ-મગફળી-દિવેલા- બટાટા અને ઇસબગુલના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું

### રોજગારી આપવામાં પણ ટોચે છે,ગુજરાત

રોજગાર વિનિમય કચેરીના આંકડાઓ અનુસાર દેશના તમામ રાજ્યોની સરખામણીમાં ૮૧% સાથે ગુજરાત ટોચે છે. સ્ટાર્ટ અપ માટે જરુરી લોન આપીને યુવાનોને રોજગારી આપવાના રેન્કિંગમાં પણ ગુજરાત આગળ પડતું છે.

### જળ નિયમનમાં પણ ગુજરાત પાણીદાર

જળ નિયમન-વ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે નીતિ આયોગના comprehensive Water Management Index(CWMI) માં પ્રથમ.

સુજલામ સુફલામ યોજના દ્વારા ૨૩૦૦૦ લાખ ઘનફુટ વધારાના પાણીનો સંગ્રહ કરવાની સાથે સાથે રાજ્યને ૧૬૦ નાના-મોટા નગરો અને ૧૦,૦૦૦ થી વધુ ગામડાઓને પાણી પુરુ પાડ્યું.આ સાથે દરિયાઇ પાણીને પીવાલાયક શુધ્ધ પાણી બનાવવાના પાંચ નવા ડિસેલિનેશન પ્લાન્ટસ પણ ટુંક સમયમાં અમલી બનશે.

### ઓદ્યોગિક રોકાણ : ગુજરાત અવ્વલ

ગત નાણાંકીય વર્ષના(૨૦૧૯-૨૦૨૦) પ્રથમ છ માસમાં જ રુ.૨૬૦૦૦ કરોડના વિદેશી મુડી રોકાણ સાથે ઓદ્યોગિક રોકાણ કરવા માટે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યુ છે. દેશમાં થતા કુલ ઔદ્યોગિક મુડી રોકાણની સરખામણીએ ૫૧% ઇન્ડ્રસ્ટ્રીયલ એન્ત્રોપ્રોનીયર મેમોરેન્ડમ તો માત્ર ગુજરાતમાં જ થયા.

ગુજરાત નિવેશ,ઊદ્યોગ અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે સાનુકુળ વાતાવરણ ઉભુ કરવામાં સફળ થયું છે.

# સામાજીક પરિવર્તન સુચકાંકમાં ૮૨ દેશો પૈકી ભારત ૭૬માં ક્રમે ધકેલાયું : વર્લ્ડ ઇકોનોમિક ફોરમનો રિપોર્ટ

ભારત સામાજિક પરિવર્તનના મામલામાં વિશ્વના પ્રમુખ દેશોમાં ખુબ નીચલા ક્રમે ધકેલાઇ ગયું છે. વર્લ્ડ ઇકોનોમીક ફોરમ દ્વારા તૈયાર કરાયેલા સામાજિક પરિવર્તન સુચકાંકમાં ૮૨ દેશો પૈકી ભારત છેક ૭૬માં ક્રમે રહ્યું છે. જે ચિંતાનો વિષય છે. વર્લ્ડ ઇકોનોમીક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠક પહેલાં આ સુચકાંક જાહેર કરવામાં આવ્યો હતો.શિક્ષણ,સ્વાસ્થ, કામકાજ જેવી કેટલીય કસોટી પર ભારત ખરુ ઉતરી શક્યું નથી. આ સુચકાંકમાં ડેનમાર્ક પ્રથમ ક્રમે છે.

રિપોર્ટ અનુસાર જો કોઇ દેશના સામાજિક પરિવર્તનના ૧૦ ટકાની વૃધ્ધિ થાય છે તો એ દેશ સામાજિક રીતે મજબુત થશે. એટલું જ નહીં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ ૨૦૩૦ સુધી લગભગ પાંચ ટકાની વૃધ્ધિ થવાની પુરતી શક્યતા છે. રિપોર્ટ અનુસાર ફક્ત કેટલીક અર્થ વ્યવસ્થામાં જ આવા સામાજિક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય પરિસ્થિતિ નથી. જો સામાજિક પરિવર્તનને પ્રોત્સાહન આપવામાં આવે તો સૌથી વધુ લાભ ચીન, અમેરીકા,ભારત, જાપાન અને જર્મનીને થઇ શકે છે.

વર્લ્ડ ઇકોનોમીક ફોરમે રેન્કીંગ માટે દેશોને પાંચ માપદંડ પર ઓળખવાની કોશીશ કરી છે. જેના મુખ્ય ૧૦ આધારસ્તંભ છે. આ શ્રેણીઓમાં આરોગ્ય,શિક્ષણ(પ્રસાર, ગુણવત્તા અને સમાનતા) ટેકનોલોજી,કામકાજ( તક,વેતન,કામ કરવાની સ્થિતિ) અને સંરક્ષણ અને સંસ્થાન(સામાજિક સંરક્ષણ અને સમાવેશી સંસ્થાન) છે. આ દર્શાવે છે કે યોગ્ય વેતન,સામાજિક સુરક્ષા અને આજીવન શિક્ષણનું સામાજીક પરિવર્તનમાં સૌથી મોટું યોગદાન છે.

આજીવન શિક્ષણના મામલામાં ભારત ૪૧માં ક્રમે અને કામકાજની પરિસ્થિતિના સ્તરમાં ૫૩માં ક્રમ પર છે.ભારતે જે ક્ષેત્રમાં ખુબ સુધાર કરવાની જરુરુત છે એમાં સામાજિક સુરક્ષા(૭૬ક્રમ)ય અને ઉચિત વેતન(૭૯ ક્રમે) સામે લ છે. આ સુચકાંકમાં નોર્ડિયક દેશ ટોપ-૫ સ્થાન પર છે. પ્રથમ ક્રમે૮૫ અંક સાથે ડેનમાર્ક છે. ત્યારબાદ નોર્વે, ફિનલેન્ડ,સ્વીડન અને આઇસલેન્ડ છે. ટોપ-૧૦ દેશોની યાદીમાં નેધરલેન્ડ છઠ્ઠા ક્રમે, સ્વિત્ઝરલેન્ડ ૭માં, ઓસ્ટ્રીયા ૮માં ,બેલ્જીયમ ૯માં અને લક્ઝમબર્ગ ૧૦ સ્થાન પર છે.

# વિશ્વમાં પાવરફુલ પાસપોર્ટના ઇન્ડેક્સમાં ભારત ૮૪માં ક્રમે

વિશ્વના સૌથી મજબુત પાસપોર્ટની યાદીમાં ભારતીય પાસપોર્ટ બે ક્રમ પાછળ ખસીને ૮૪માં ક્રમે પહોંચી ગયો છે.ભારતીય પાસપોર્ટ ધારકને દુનિયાના ૫૮ દેશોમાં વિઝા વિના પ્રવેશ મળી શકે છે. એક નવા રિપોર્ટમાં આ જાણકારી અપાઇ છે. મોસ્ટ પાવરફુલ પાસપોર્ટની યાદીમાં જાપાન પહેલા ક્રમે છે. જ્યારે પાકિસ્તાન સૌથી નબળા પાસપોર્ટની યાદીમાં ચોથા ક્રમે છે. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસીએશનના આંકડા મુજબ હેનલે એન્ડ પાર્ટનર્સે પાસપોર્ટ ઇન્ડેક્ષ બહાર પાડ્યો છે. જેમાં દેશોની રેન્કીંગ એ આધારે અપાઇ છે કે પાસપોર્ટ ધારકને વિઝા વિના કેટલા દેશોમાં પ્રવેશ મળી શકે છે.

ભારતીય પાસપોર્ટ ધારક વિના વિઝા આ દેશોમાં ફરી શકે છે. જેમાં ભુટાન,કંબોડિયા,ઇન્ડોનેશીયા, મકાઉ, માલદીવ, મ્યાનમાર,નેપાળ, શ્રીલંકા, થાઇલેન્ડ,કેન્યા,મોરીશિયસ,સેશેલ્સ,ઝીમ્બાવે,યુગાન્ડા,ઇરાન તથા કતાર સહિત ૫૮ દેશોમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. જો કે કેટલાક દેશો વિઝા ઓન એરાઇવલની જરુર પડી શકે છે.

દુનિયાના ૧૦ મોસ્ટ પાવરફુલ પાસપોર્ટની યાદીમાં જે દેશોના નામ આવે છે તેમા સહુ પ્રથમ જાપાન,૨. સિંગાપોર, ૩.જર્મની, દક્ષિણ કોરીયા ૪.ફિનલેન્ડ, ઇટાલી ૫.ડેન્માર્ક, લક્ઝમબર્ગ, સ્પેન ૬.ફ્રાંસ, સ્વીડન, ૭.ઓસ્ટ્રીયા, આર્યલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, સ્વીઝલેન્ડ ૮.બેલ્જીયમ, ગ્રીસ, નોર્વે, બ્રિટન, યુ.એસ ૯.ઓસ્ટ્રેલીયા,કેનેડા, ચેક રિપબ્લીક, માલ્ટા, ન્યુઝીલેન્ડ અને ૧૦માં ક્રમે હંગેરી,,લુથુઆનિયા, સ્લોવાકીયા.

# ઇન્ટરનેશનલ મોનીટરી ફંડે ભારતનો ચાલુ વર્ષનો જીડીપી ૪.૮ ટકા કર્યો

ઇન્ટરનેશનલ મોનીટરી ફંડ એ ભારતનો ચાલુ વર્ષ માટેનો જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડીને ૪.૮ ટકા કરી દીધો છે. અને કહ્યુ છે કે નોન-બેન્કીંગ ફાઇનાન્સીયલ સેક્ટરમાં ખાસ્સી સમસ્યા છે અને ગ્રામીણ ક્ષેત્રે આવકમાં વૃધ્ધિ ખાસ થઇ નથી. તેને કારણે અંદાજ ઘટાડવો પડ્યો છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની વાર્ષિક સમીટ અગાઉ વૈશ્વિક અર્થતંત્રનું ચિત્ર રજુ કરતાં આઇએમએફે કહ્યુ હતું કે ૨૦૧૯માં ભારતનો ગ્રોથ ૪.૮ ટકા રહેશે. જે ૨૦૨૦ાં ૫.૮ ટકા થસે અને ૨૦૨૧માં ૬.૫ ટકા થશે.

ભારતીય મુળના આઇએમએફના ચીફ ઇકોનોમિસ્ટ ગીતા ગોપીનાથે કહ્યુ હતું કે એનબીએફસીમાં સમસ્યા અને ગ્રામીણ આવકમાં ખાસ વૃધ્ધિ ન થવાને કારણે દેશનો ગ્રોથ ખાસ્સો ઘટી ગયો છે. તેમણે કહ્યુ હતુ કે ચીનનો ગ્રોથ ૨૦૨૦માટે ૦.૨ ટકા વધારી ૬ ટકા કરવામાં આવ્યો છે. અમેરિકા સાથે પ્રથમ તબક્કાનું ટ્રેડ ડીલ થઇ જતાં ચીનને રાહત થશે તેમ તેમણે કહ્યુ હતું. ગીતા ગોપીનાથે કહ્યુ હતું કે ભારતનો ગ્રોથ અંદાજ ઘટાડાયો તેને કારણે વૈશ્વિક ગ્રોથનો અંદાજ ઘટાડાયો છે.આઇએમએફે કહ્યુ હતુ કે ભારતમાં સ્થાનિક માંગ અંદાજ કરતાં વધારે ઘટી ગઇ છે. એનબીએફસીમાં ઓગષ્ટ ૨૦૧૮માં આઇએલ એન્ડ એફએસ ડિફોલ્ટ થવાથી જે નાણાંકીય તરલતાનું સંકટ ઉભુ થયું તેની કળ હજી વળી નથી. દેશમાં ક્રેડિટ ગ્રોથ ઘટ્યો છે.

જો કે સરકારે સ્ટીમ્યુલસ જાહેર કર્યુ અને કોપોરેટ ટેક્સમાં ઘટાડો કર્યો તથા અન્ય પગલાં લીધી તેને કારણે ૨૦૨૦માં અને ૨૦૨૧માં આર્થિક ચિત્ર સુધરશે તેમ તેમણે ઉમેર્યુ હતું. આ સાથે તેમણે વૈશ્વિક અર્થતંત્ર વિશે કહ્યુ હતું કે ૨૦૨૦માં વૈશ્વિક ગ્રોથ અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આર્જેન્ટીના, ઇરાન,અને તુર્કી જેવા દેશો મુશ્કેલીમાં છે. આ ઉપરાંત બ્રાઝિલ, ભારત, મેકસિકો જેવા ઇમર્જિંગ અને વિકાસશીલ દેશોમાં જોઇએ તેવો ગ્રોથ નથી.

આઇએમએફે વૈશ્વિક આર્થિક ગ્રોથ આઉટલુકમાં પણ ઘટાડો કર્યો છે.૨૦૧૯માં વૈશ્વિક ગ્રોથ ૨.૯ ટકા રહેશે તેમ તેમણે કહ્યુ હતું.૨૦૨૦માં ૩.૩ ટકા અને ૨૦૨૧માં ૩.૪ ટકા ગ્રોથ રહેવાની ધારણા તેમણે દર્શાવી હતી.આઇએમએફના એમડીએ કહ્યુ હતું કે વિશ્વના નીતિ ઘડવૈયાઓને સૌથી સરળ સલાહ છે કે અર્થતંત્રને સુધારવા માટે જે કંઇ કરવું પડે તે કરો. જે કંઇ કરો તે તાત્કાલિક કરો અને પરસ્પર સંકલન સાધીને કરો.

## જાણવા જેવું !

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઇન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપુ વરસાદનું પડ્યું નથી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જ્હોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.